નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/હિસાબ/૨૦૧૮/ ૩૪
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૨૭/૧૨/૨૦૧૮.

// પરિપત્ર //

વિષય: ૩૦૦૦ ચો.મી. સુધીના ક્ષેત્રફળ ધરાવતા પ્લોટ/શેડના ફાળવણીદારોના કિસ્સામાં **OTSની યોજના હેઠળ દંડકીય વ્યાજ તથા વિલંબિત ચુકવણા પરના વ્યાજમાં રાહત આપવા બાબત.**

નિગમના ૩૦૦૦ ચો.મી. સુધીના ક્ષેત્રફળ ધરાવતા પ્લોટ/શેડના ફાળવણીદારોના કુલ બાકી લ્હેણા પૈકી હપ્તા ઉપર વસુલાતપાત્ર દંડકીય વ્યાજમાં ૧૦૦% અને વિલંબીત વ્યાજમાં ૫૦% રાહત તમામ બાકી લ્હેણા એકીસાથે ભરપાઈ કરવાની શરતે આપવા અંગે તા.૧૧/૧૨/૨૦૧૮ ના રોજ યોજાયેલ નિગમની ૫૦૨મી સભામાં કાર્યસુચિ ક્રમાંક:૬/હિસાબ/૫૦૨ નિર્ણય અર્થે સાદર કરવામાં આવેલ. જેમાં ઠરાવ્યા મુજબ,

(૧) જે તારીખે ચુકવણુ કરવામાં આવે તે તારીખ સુધીના તમામ બાકી લહેણાંની રકમ એકીસાથે ડિમાન્ડ ડ્રાફ્ટ કે પે-ઓર્ડરથી અથવા ઓનલાઈન જમા કરવાની રહેશે.

(૨) આ યોજના પરિપત્ર જારી કર્યા તારીખથી તા.૩૦/૦૬/૨૦૧૯ સુધી અમલમાં રહેશે.

(૩) ૩% દંડકીય વ્યાજ પેટે વસુલાતપાત્ર થતી પુરેપુરી રકમની રાહત આપવામાં આવશે.

(૪) વિલંબિત વ્યાજ પેટે વસુલાતપાત્ર થતી રકમમાં ૫૦% રાહત આપવામાં આવશે.

(૫) આ યોજના હેઠળ પાણી પુરવઠા તેમજ ડ્રેનેજ ચાર્જીસની સંપૂર્ણ બાકી લહેણાની રકમની એકી સાથે ચુકવણુ કરવા માંગતા એકમોને ઉપર્યુક્ત બાકી લહેણાની રકમમાં વિલંબિત ચુકવણા પરના વ્યાજમાં ૫૦% તથા દંડકીય વ્યાજમાં ૧૦૦% રાહત આપવામાં આવશે.

(૬) અગાઉ દંડકીય વ્યાજ અને વિલંબિત ચુકવણા પરના વ્યાજમાં કરવામાં આવેલ ચુકવણા પર કોઈપણ પ્રકારની રાહત આપવામાં આવશે નહી.

(૭) મંજુર કરેલ કેસની વિગતો પ્રગતિ અહેવાલના પત્રક સ્વરૂપે કા.નિ.શ્રી(વસુલાત)ને ૧૫ દિવસે વડી કચેરીએ અચુક મોકલવાની રહેશે

(૮) જે કોઈ કિસ્સામાં દંડકીય વ્યાજ અને વિલંબિત ચુકવણા પરનું વ્યાજમાં રાહત રૂ!૧૦,૦૦,૦૦૦/-(દસ લાખ) અથવા તેથી વધારે આપવાની થતી હોય તેવા કિસ્સામાં વિભાગીય પ્રબંધકશ્રીની દરખાસ્ત સહ વડી કચેરીએ મુખ્ય હિસાબી અધિકારીશ્રીને મંજુરી અર્થે સાદર કરવાની રહેશે.

(૯) નિગમના તા.૨૮/૦૧/૨૦૧૬ના મિલકતનો કબજો પરત આપવાના પરિપત્ર આધારે જે કિસ્સામાં મંજુરી મળે તેમાં આ યોજનાનો કોઈ પણ પ્રકારનો લાભ આપવાનો રહેશે નહી.

(૧૦) ક્ષેત્રીય કચેરીની હિસાબી શાખા ધ્વારા આ યોજના અંતર્ગત ઓ.ટી.એસ.નું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જીઆઈડીસી, ગાંધીનગર.

પ્રતિ,

૧. નિગમના તમામ અધિકારીઓ તરફ જાણ સારૂ.
૨. પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન અમદાવાદ... તરફ જાણ સારૂ.
૩. નિગમના તમામ ઔદ્યોગિક વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારૂ.
૪. મેનેજરશ્રી (એસએન્ડએ) જી.આઈ.ડી.સી. ગાંધીનગર.. તરફ સદર પરિપત્ર નિગમની વેબસાઈટ પર મુકવા સારૂ.

રવાના કર્યુ

નાયબ મેનેજર(મહેકમ)
જીઆઈડીસી, ગાંધીનગર.